**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૮.૦° સે. | ૨૨.૦° સે. |
| આહવા | ૪૦.૦° સે. | ૨૦.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૧૯.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૧૯.૦° સે. |

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડના પારનેરા ગામેથી 1.2 કિલોના ગાંજા સાથે એક ઝડપાયો

વલસાડ: વલસાડ એસઓજીની ટીમને પેટ્રોલિંગ દરમિયાન પારનેરા ગામ, ટેકરા ફળિયા વિસ્તારમાં મુસ્લિમ સુન્નત જમાત કબ્રસ્તાન પાસે રોડ પર શંકાસ્પદ હાલતમાં એક વ્યક્તિ મળી આવ્યો હતો. પોલીસે તપાસ કરતાં આરોપી કયુમ ફાઉદ્દીન કુરેશી (ઉ.વ.29 રહે., પારનેરા ગામ, ટેકરા ફળિયા, વલસાડ)ના કબ્જામાં રહેલી સુઝુકી એવેનિસ મોપેડ (નં. GJ 15 EA 4685)ની ડિકીમાંથી 1.220 કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ રૂ. 1,46,000 નો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે.

### પારડીના ઉમરસાડી અને ખડકી હાઇવે પરથી દારૂ ઝડપાયો

પારડી: પારડી પોલીસે મળેલ બાતમીના આધારે, ઉમરસાડી જલારામ મંદિર પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન વોક્સવેગન કાર (નં. જીજે 15 સીએચ 1501) ને રોકી હતી. જેમાં તપાસ કરતાં દારૂની બોટલ નંગ 96 જેની કિંમત 12 હજાર સહિત કુલ રૂ.3.12 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે જય સતિષભાઈ પટેલ (રહે., કોટલાવ તા.પારડી) ને ઝડપી પાડ્યો હતો. જ્યારે બીજા બનાવમાં વલસાડ એલસીબીની ટીમને મળેલી બાતમીના આધારે પારડીના ખડકી હાઇવે સ્વાગત હોટલ સામે રોડ પરથી શંકાસ્પદ કાર (નં. GJ 15 CD 1607) મળી હતી, જેમાંથી 1368 નંગ જેની કિંમત 3.62 લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર સહિત કુલ રૂ. 8.62 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કારચાલક સ્થળ પરથી ફરાર થઇ જતાં વોન્ટેડ જાહેર કર્યો હતો.

### ટ્રેનમાં સૂતેલી મહિલાનું પર્સ ચોરાયું

વલસાડ: વલસાડથી પસાર થતી ટ્રેનોમાં ચોરીની ઘટના અટકવાનું નામ લેતી નથી. ઘાટકોપર રહેતી સુનિતા દિપક યાદવ અવન્તિકા એક્સપ્રેસમાં મુંબઇથી ઉજ્જૈન જઇ રહી હતી. તે પોતાનું પર્સ માથા નીચે મૂકી સૂઇ ગઇ હતી. ત્યારે વલસાડથી ટ્રેન ઉપડી ત્યારે નવસારી પહેલાં કોઇ તેનું પર્સ ચોરાઈ ગયું હતું. ચોર બારીમાંથી હાથ નાખી તેનું પર્સ ચોરી ગયો હતો, મહિલાએ બૂમરાણ મચાવી પણ ચોર ફરાર થઇ ગયો હતો. આ બનાવ સંદર્ભે વલસાડ રેલવે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ધરમપુરમાં ગેરકાયદે ગાયોનું પરિવહન કરતાં ત્રણ ઝડપાયા

ધરમપુર: ધરમપુર પોલીસે રાત્રિના પેટ્રોલિંગ દરમિયાન આઇસર ટેમ્પો (નં. MH 17 BY 4791)ને રોકી તપાસ કરતાં ટેમ્પોમાં ૭ ગાય અને 3 વાછરડાને કોઈપણ પરમિટ વિના તથા ક્રૂરતાપૂર્વક બાંધી લઈ જવાતા હોવાની હકીકત બહાર આવી હતી. પોપોલીસે ટેમ્પો, ગાયો-વાછરડા, મોબાઇલ ફોન અને અન્ય સામગ્રી સહિત કુલ અંદાજે રૂ. ૧૦,૪૬,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ બનાવ અંગે ડ્રાઇવર વિલાશ ઉખા ચવ્હાણ (રહે., અહમદનગર, મહારાષ્ટ્ર) તેમજ પશુ માલિક હનીફ સાહેબના આલીસર (રહે., ખારવેલ, ધરમપુર) અને દિનેશકુમાર શિવપુજન યાદવ (મૂળ રહે., બિહાર) સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.


### વાપીમાં કિશોરી સાથે દુષ્કર્મ કેસમાં આરોપીના જામીન નામંજૂર

વલસાડ: વાપીના સ્પેશ્યલ પોક્સો કોર્ટના જજે 16 વર્ષની કિશોરીને લગ્નની લાલચ આપી તેની સાથે દુષ્કર્મ કરનાર આરોપીના જામીન ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી નામંજૂર કર્યા છે. વાપીના વિકાસ રતિલાલ મીણાએ વાપીની નજીક રહેતી 16 વર્ષની કિશોરીને લગ્નની લાલચે અપહરણ કર્યું હતું. ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. આ કેસમાં પોલીસે વિકાસની ધરપકડ કરી હતી. તેના વિરુદ્ધ ચાર્જશિટ પણ ફાઇલ થઇ હતી, પરંતુ તેના જામીન થયા ન હતા. ત્યારે વિકાસે જામીન પર છૂટવા વાપીની પોક્સો કોર્ટમાં કરેલી અરજી જજે નામંજૂર કરી છે.

---

## ગેસ સિલિન્ડર આધારિત હોટેલ- રેસ્ટોરન્ટ્સ મુશ્કેલીમાં

# ‘નહીં તો ધંધો બંધ કરવાની નોબત આવશે’



ધર્મેશ પટેલ

**હાઈવે** પર હોટલ-રેસ્ટોરન્ટ પર ગેસના અભાવને લઈ બોર્ડ લાગ્યાં

**ચીખલી** તાલુકામાં ગેસ એજન્સીઓ પાસે કોમર્શિયલ સિલિન્ડર જ નથી

**હાઈવે** પર લાંબા રૂટના વાહનચાલકોને મુશ્કેલી પડી શકે

ઘેજ: અખાતી દેશમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે ચિખલી તાલુકામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો દુકાળ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. આગામી દિવસોમાં હોટેલ રેસ્ટોરન્ટો માટે વ્યવસ્થા ન કરવામાં આવે તો સિલિન્ડર આધારિત હોટેલ રેસ્ટોરન્ટોના કિચનો બંધ થવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

હાલે અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે તાલુકામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછત સર્જાઈ શકે તેવી સ્થિતિ ઊભી થવા પામી છે. તાલુકામાં ચીખલી, રાનકુવા, ટાંકલ, ફડવેલ, રૂમલા સહિત પાંચ જેટલી ગેસ એજન્સીમાં સંપર્ક કરતાં મોટેભાગની એજન્સી પાસે કોમર્શિયલ સિલિન્ડર ઉપલબ્ધ નથી અને જે એજન્સી પાસે છે તે પણ ગણ્યાગાંઠ્યા જ હોવાનું અને છેલ્લા એકાદ અઠવાડિયાથી ઉપરથી પણ ન આવતા હોવાનું જાણવા મળ્યું હતું. તેવામાં પુરવઠા વિભાગ દ્વારા આગોતરું આયોજન કરી પૂરતી વ્યવસ્થા ન કરવામાં આવે તો અનેક હોટલ રેસ્ટોરન્ટો બંધ થઈ જવાની શક્યતા જણાઈ રહી છે. ચીખલી તાલુકામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અનેક નાની મોટી હોટેલ, ધાબાઓ ધમધમે છે જે પૈકી પાઈપ ગેસની વ્યવસ્થા ન હોય અને રસોડું સિલિન્ડર પર જ આધારિત હોય તે હોટલ ઢાબા બંધ કરવાની નોબત સર્જાઈ છે.

### ઢાબાઓ પર સગડીથી રસોઈ બનાવવાનું શરૂ કરાયું

ચીખલીમાં કેટલીક હોટલ ઢાબાના સંચાલકો દ્વારા લાકડા, કોલસા આધારિત સગડી ચાલુ કરી ખાવાની જે વાનગી ઉપલબ્ધ હશે તે જ મળશે તેવા બોર્ડ પણ લગાવી દેવામાં આવ્યા છે. હોટલ અને ઢાબાઓ બંધ થાય તેવામાં હાઈવે પરથી લાંબા રૂટ પર જતાં વાહનચાલકો સહિતના લોકોને મુશ્કેલી સર્જાવા સાથે ત્યાં કામ કરતાં કામદારોની રોજગારી સામે પણ પ્રશ્નો ઊભા થવાની શક્યતા છે. ચીખલીની સેફ્રોન હોટલના અબ્બાસભાઈના જણાવ્યા અનુસાર છેલ્લા ત્રણ ચાર દિવસથી ગેસ સિલિન્ડરની સમસ્યા વધી ગઈ છે. જેથી ગેસના અભાવે જે વસ્તુ બની શકે તે જ મળશે તેવુ બોર્ડ મૂક્યુ છે, હવે આ સમસ્યાનું સરકાર ઝડપથી નિરાકરણ લાવે તે ઈચ્છનીય છે.

### સિલિન્ડરનો સંગ્રહ કર્યો તો કાર્યવાહી

મામલતદાર હિરેનભાઇના જણાવ્યા અનુસાર તાલુકામાં કોમર્શિયલ ગેસના સિલિન્ડર અંગે દેખરેખ રાખવામાં આવી રહી છે, એજન્સીના ગોડાઉનમાં આકસ્મિક તપાસ કરી સંગ્રહ કર્યો હશે તેવામાં કાર્યવાહી પણ કરવામાં આવશે.

### પ્રવાસન સ્થળ સાપુતારામાં ખાણી-પીણીનો ધંધાને વ્યાપક અસર


ગિરીશ ભોયે

સાપુતારા: સાપુતારામાં હાલ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત સર્જાઈ છે. સાપુતારાની મોટી હોટેલોમાં હાલ બેથી ત્રણ દિવસ સુધી ચાલે તેટલો જ ગેસ સ્ટોક બચ્યો હોવાનું જાણવા મળે છે. જેના કારણે હોટેલ મેનેજમેન્ટ દ્વારા ઓછા ગેસના વપરાશ સાથે વ્યવસ્થા ચલાવી શકાય તે માટે આયોજન હાથ ધરાયું છે. પરંતુ સૌથી વધુ મુશ્કેલી નાના ધંધાર્થીઓને પડી રહી છે. નાસ્તાની લારીઓ, નાના ફૂડ સ્ટોલ, ધાબા અને નાના રેસ્ટોરન્ટ ચલાવતા સ્થાનિક વેપારીઓ માટે ગેસ વગર રસોડું ચલાવવું મુશ્કેલ બની ગયું છે. પરિણામે અનેક સ્થળોએ ધંધા બંધ થવાની સ્થિતિ સર્જાઈ રહી છે. આ પરિસ્થિતિને કારણે સાપુતારાના પ્રવાસન ધંધા સાથે સંકળાયેલા હજારો લોકોની રોજગારી પર પણ સંકટના વાદળ મંડરાઈ રહ્યા છે. હોટેલ એસોસિએશન દ્વારા આ મુદ્દે જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવાની તૈયારી ચાલી રહી છે, જેથી તાત્કાલિક ગેસ પુરવઠો સુચારું કરી શકાય. બીજી તરફ રિસોર્ટ, નાના રેસ્ટોરન્ટ અને લારી સંચાલકો પણ સરકાર સમક્ષ તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે.

### વાપીની હોટલોમાં પાઈપલાઈન હોવાથી હાલ સંકટ નથી

વાપી: વાપી હોટલ તેમજ રેસ્ટોરન્ટ એસોસિએશનના પ્રમુખ ભાર્ગવ શુક્લના જણાવ્યા પ્રમાણે વાપીમાં ૯૦ ટકા હોટલોમાં સીએનજી પાઈપ લાઈનથી રાંધણ ગેસ પહોંચતો હોવાથી હાલ કોઈ સમસ્યા નથી. અહીં કોમર્શિયલ સિલિન્ડરનું હોટલોમાં કે રેસ્ટોરન્ટમાં ચલણ નથી. તેથી સીએનજી પાઈપ લાઈનથી ગેસ પુરવઠો હાલ તો નિયમિત મળી રહ્યો છે. ગેસ કંપની તરફથી કોઈ એવી કપાત અંગે જણાવ્યું પણ નથી. વાપીના હોટલ-રેસ્ટોરન્ટ પાસે પોતાની સોલાર પેનલ હોવાથી થોડા ખર્ચાથી હોટલના સંચાલકો સોલાર પેનલનો ઉપયોગ કિચન માટે કરી શકે તેમ છે. જોકે હાલ વાપીના હોટલ-રેસ્ટોરન્ટ કોઈ સંકટ નથી.

## સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરી સમસ્યા ઉકેલે

**નવસારીના** હોટલ-રેસ્ટોરન્ટ સંચાલકોમાં રોષ, કારીગરો રોજગારી ગુમાવશે



નવસારી: કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવવધારા અને અનિયમિત પુરવઠાને લઈ નવસારીનો હોટલ ઉદ્યોગ હવે ખુલ્લેઆમ આક્રોશ વ્યક્ત કરી રહ્યો છે. નવસારી જિલ્લા હોટલ અને ખાણીપીણી એસોસિએશને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી તાત્કાલિક દખલગીરી કરવાની માંગ કરી છે. એસોસિએશનના પ્રમુખ સુરેશ પાંડે સહિત આગેવાનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે 8 માર્ચે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.115નો વધારો કરવામાં આવ્યા બાદ શહેરમાં ગેસ વિતરણ વ્યવસ્થા અચાનક ખોરવાઈ ગઈ છે. હોટલ સંચાલકોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા પુરવઠો ક્યારે નિયમિત થશે તે અંગે કોઈ સ્પષ્ટતા ન મળતા ઉદ્યોગમાં અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જાયું છે. પરિસ્થિતિ જલ્દી સુધરશે નહીં તો કેટલાક સંચાલકોને ધંધો બંધ કરવાની પણ નોબત આવી શકે તેવી ચેતવણી આપવામાં આવી છે.હજારો કારીગરો અને મજૂરોની રોજીરોટી પણ આ પરિસ્થિતિથી જોખમમાં આવી શકે છે. આ પરિસ્થિતિની અસર માત્ર હોટલ ઉદ્યોગ પૂરતી મર્યાદિત નથી. શાકભાજી સપ્લાયરો, દૂધ ઉત્પાદકો અને અન્ય નાના વેપારીઓના ધંધા પર પણ તેની સીધી અસર પડી શકે છે. વેપારીઓના મતે જો ગેસ પુરવઠાની સમસ્યા જલ્દી ઉકેલવામાં નહીં આવે તો હોટલ ઉપરાંત પૌવા ઉદ્યોગ સહિત અનેક નાના ધંધાઓ પર તેની ગંભીર અસર જોવા મળી શકે છે.

## નવસારીમાં દુધિયા તળાવ શોપિંગ સેન્ટરની 45 દુકાન સીલ

**સ્થળ** પર જ રૂ.12.5 લાખ બાકી વેરો વસૂલ



નવસારી: નવસારી મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા બાકી વેરાની વસૂલાત માટે હાથ ધરાયેલા વિશેષ અભિયાન હેઠળ શહેરના દુધિયા તળાવ શોપિંગ સેન્ટર વિસ્તારમાં કડક કાર્યવાહી કરવામાં આવી હતી. પાલિકાના અધિકારીઓએ આજે અહીં 45 જેટલી કોમર્શિયલ મિલકતો સીલ કરી બાકીદારોને કડક સંદેશ આપ્યો હતો.

માહિતી મુજબ પાલિકાએ અગાઉથી મિલ્કતધારકોને વારંવાર નોટિસ આપી બાકી વેરાની ચૂકવણી કરવા સૂચના આપી હતી. તેમ છતાં મિલકતધારકો દ્વારા રકમ જમા ન કરાતા કાયદેસરની પ્રક્રિયા મુજબ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન કેટલાક દુકાનદારો અને મિલકતધારકો સ્થળ પર જ વેરાની ચૂકવણી કરવા આગળ આવ્યા હતા, જેના પરિણામે પાલિકાને અંદાજે રૂ.12.5 લાખની તાત્કાલિક વસૂલાત થઈ હતી. પાલિકા સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધી નવસારી મહાનગરપાલિકાએ કુલ મળીને અંદાજે 78 ટકા વેરાની વસૂલાત પૂર્ણ કરી છે. પાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો બાકી વેરાની ચૂકવણી કરવામાં નહીં આવે તો વીજળી, પાણી તથા ડ્રેનેજ કનેક્શન કાપવા જેવી કાર્યવાહી પણ કરવામાં આવશે.

## વાંગણના બોળકે ડુંગર ઉપર ત્રણ દિવસ બાદ ફરી દાવાનળ


નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા તાલુકાના વાંગણ ગામ ખાતે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યને જોડતા બોળકે ડુંગર ઉપર તા.૧૦ માર્ચના રોજ પ્રચંડ આગ ભભૂકી ઊઠી હતી. ત્યારબાદ ત્રણ દિવસની અંદર ફરી વાંગણ ગામના તોરણે નામથી ઓળખાતા ડુંગર ઉપર આગ લાગી જતાં પ્રચંડ જ્વાળા જોવા મળી હતી. પૂરા ડુંગર ઉપર ઉઠેલા ધુમાડાના ગોટેગોટા દૂરથી પણ સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા. સ્થાનિક પાસેથી જાણવા મુજબ એકવાર આગને નિયંત્રણમાં લઈ લીધા બાદ મોડી રાત્રે ફરી આગ ભભૂકી ઊઠી હતી.

## કુકેરીમાંથી ટોરવણને અલગ કરવાની તજવીજ સામે રોષ

**કુકેરીના** ગ્રામજનોએ વિરોધ દર્શાવી ટીડીઓને આવેદન પાઠવ્યું


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલીના કુકેરી ગામના ગ્રામજનો દ્વારા ટીડીઓને આવેદનપત્ર પાઠવી કુકેરી ગામના વિભાજન સામે વિરોધ રજૂ કરવામાં આવ્યો હતો.

કુકેરી ગામના પૂર્વ ડેપ્યુટી સરપંચ જ્યેન્દ્રસિંહ પરમારની આગેવાનીમાં મોટી સંખ્યામાં ગ્રામજનો દ્વારા ટીડીઓને આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે કુકેરી ગામમાંથી ટોરવણ ગામને છૂટું પાડી અગલ ગ્રામ પંચાયત બનાવવા માટે સરપંચ દ્વારા ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ અલગ ગ્રામસભા બોલાવી મનમાની રીતે અલગ ગ્રામ પંચાયત ટોરવણ બનાવવાનો ઠરાવ કરવામાં આવેલો જેની સામે કુકેરી ગામના ગ્રામજમોમાં ભારે વિરોધ સાથે હોબાળો થવા પામેલો અને ગ્રામજનોએ વિરોધ કરતાં ભારે વિવાદ સર્જાવા પામ્યો હતો. જેથી અલગ ગ્રામ પંચાયત બાબતે કોઈ કાર્યવાહી ન કરવા માટેની ગ્રામજનોની રજૂઆત છે. વધુમાં જણાવાયું છે કે કુકેરીમાંથી ટોરવણ ગામ અલગ કરવા બાબતે તાલુકા પંચાયતની સામાન્ય સભા કે કારોબારી સભામાં કોઈ ઠરાવ કરવામાં ન આવે તેવી વિનંતી સાથે ગામના વિભાજન સામે સખત વાંધો અને વિરોધ છે. ગ્રામજનો દ્વારા ટીડીઓ ઉપરાંત મામલતદાર, પ્રાંત,ડીડીઓ સહિત ઉચ્ચ કક્ષાએ પણ કુકેરી ગામના વિભાજન સામે લેખિત વાંધો રજૂ કરવામાં આવ્યો છે. વધુમાં તાલુકા પંચાયતની હાલમાં યોજાયેલ છેલ્લી સામાન્ય સભામાં માત્ર ગોડથલ ગ્રામ પંચાયતના વિભાજનને મંજૂરી આપવામાં આવી હતી.

## ધો.12 કોમર્સ અને વિજ્ઞાનનાં પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓ ખુશ

**સેક્રેટરિયલ** પ્રેક્ટિસ અને સંસ્કૃતના પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત રહેતા સરળ રહ્યાં

નવસારી: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચાલી રહેલી ધોરણ 12ની બોર્ડ પરીક્ષામાં ગુરુવારનો દિવસ નવસારી જિલ્લાના વિદ્યાર્થીઓ માટે રાહતદાયક સાબિત થયો હતો. સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના મહત્ત્વના ગણાતા વિષયોના પ્રશ્નપત્રો પ્રમાણમાં સરળ રહેતા પરીક્ષાર્થીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો.

સામાન્ય પ્રવાહ (કોમર્સ)ના વિદ્યાર્થીઓ માટે સેક્રેટરિયલ પ્રેક્ટિસ તથા વાણિજ્ય પત્રવ્યવહાર વિષયની પરીક્ષા યોજાઈ હતી. વિદ્યાર્થીઓના પ્રતિસાદ મુજબ પ્રશ્નપત્ર મુખ્યત્વે પાઠ્યપુસ્તક આધારિત અને અપેક્ષા મુજબના હોવાથી મોટાભાગના પ્રશ્નો સરળતાથી લખી શકાય એવા હતા. જિલ્લાના આંકડા મુજબ આ વિષયમાં કુલ 1434 નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી 1426 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા, જ્યારે 8 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત વિષયની પરીક્ષા યોજાઈ હતી. વિજ્ઞાનના કઠિન વિષયો વચ્ચે સંસ્કૃતનું પેપર વિદ્યાર્થીઓ માટે હળવું અને ગુણ મેળવવા માટે અનુકૂળ રહ્યું હોવાનો પ્રતિભાવ મળ્યો હતો. જિલ્લામાં કુલ 2249 નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી 2247 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે માત્ર 2 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા.

સમગ્ર જિલ્લામાં પરીક્ષા શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત માહોલમાં યોજાઈ હતી. શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્રની સતર્ક દેખરેખ હેઠળ તમામ કેન્દ્રો પર વ્યવસ્થા જાળવાઈ હતી અને ક્યાંય પણ ગેરરીતિ અથવા કોપીકેસનો એકપણ બનાવ નોંધાયો નથી. પેપર પૂર્ણ થયા બાદ કેન્દ્રોની બહાર નીકળતા વિદ્યાર્થીઓના ચહેરા પર રાહત અને સંતોષ સ્પષ્ટ દેખાતો હતો.

## બીલીમોરાના ખાપરવાડા ગામે દીપડાએ વાછરડાનો શિકાર કર્યો

બીલીમોરા: બીલીમોરાના ખાપરવાડા ગામના ઊંચામોરા વિસ્તારમાં નીલકંઠ મેદાન ઉપર બુધવારે રાત્રે દીપડાએ વાછરડાનો શિકાર કરતાં લોકોમાં ગભરાટ ફેલાયો છે. વનવિભાગે મારણ મૂકી દિપડાને પાંજરે પુરવાની કાર્યવાહી હાથ ધરી છે. ગણદેવી તાલુકામાં દીપડાઓની હાજરી હવે સામાન્ય બાબત બની ગઈ છે. ૬ દિવસ અગાઉ ખાપરવાડા ગામ નજીક વણગામ આહીરવાસમાં દીપડો ત્રાટક્યો હતો. જેમાં ૧૧ બકરાનાં મોત નીપજ્યા હતા. જે બાદ સમગ્ર કાંઠા વિસ્તારમાં ભયનો માહોલ હતો. બાજુનાં જ ગામે વાછરડાના શિકારની ઘટના સામે આવતા ફરીવાર લોકોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

## નવસારીમાં ફ્રૂટના ભાવ મુદ્દે બે જૂથ વચ્ચે બબાલ

**પથ્થરમારો,** ચપ્પુ વડે હુમલામાં 6ને ઈજા, એકની હાલત ગંભીર

નવસારી: નવસારીમાં ફ્રૂટના ભાવ મુદ્દે બે જૂથ વચ્ચે બબાલ થતાં પથ્થરમારો થયો હતો. આ હુમલામાં છને ઈજા થઈ હતી, જેમાં એકની હાલત ગંભીર છે.

નવસારી શહેરમાં ફ્રુટ ખરીદવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલી અચાનક ઉગ્ર બની જતા બે જૂથો વચ્ચે મારામારી અને પથ્થરમારોની ઘટના સર્જાઈ હતી. હબીબ લઝીઝ હોટલ સામે બનેલી આ ઘટનામાં છને માથામાં ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે નવસારી ટાઉન પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એક પક્ષની ફરિયાદમાં જણાવાયું છે કે ફ્રુટના ભાવ મુદ્દે બોલાચાલી બાદ કેટલાક લોકોએ પથ્થરમારો કર્યો તેમજ ચપ્પુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. એક વ્યક્તિને માથામાં ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલના આઈ.સી.યુ.માં દાખલ કરાયો છે. ફ્રુટ વેપારીએ આપેલી વળતી ફરિયાદ મુજબ ફ્રુટના ભાવ બાબતે ગાળાગાળી કરી વેપારી પર હુમલો કરાયો હતો. હાલ વેપારી સારવાર હેઠળ છે.

## દમણમાં ઉદ્યોગોને વરસાદી પાણી સંગ્રહનો આદેશ

દમણ: દમણમાં ઉદ્યોગોને વરસાદી પાણી સંગ્રહનો આદેશ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા ભૂગર્ભ જળ સ્તર જાળવી રાખવા માટે ઔદ્યોગિક એકમો માટે ‘રેઈન વોટર હાર્વેસ્ટિંગ’ ફરજિયાત બનાવતો મહત્વપૂર્ણ આદેશ જારી કરાયો છે. આ નિર્ણય મુજબ, ઉદ્યોગોએ પોતાની છત પર વરસાદી પાણીના સંગ્રહ માટે ફિલ્ટરેશન સિસ્ટમ અને રિચાર્જ વેલ જેવી સુવિધાઓ PWDના માર્ગદર્શન હેઠળ ઊભી કરવાની રહેશે. ઉદ્યોગોએ આ કામગીરીનો અહેવાલ નિયુક્ત સમિતિને સોંપવો પડશે, જ્યારે પ્રશાસન દ્વારા આ આદેશના કડક અમલીકરણ માટે સતત દેખરેખ રાખવામાં આવશે.

## નવસારીમાં ગરમીનો પારો 40 ડિગ્રીએ પહોંચ્યો

નવસારી: નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ મુજબ શહેરમાં ગરમીનો પ્રભાવ દિવસેને દિવસે વધતો જોવા મળી રહ્યો છે. 11 માર્ચે મહત્તમ તાપમાન 39.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે 12 માર્ચે તેમાં વધારો થઈ 40 ડિગ્રી સુધી પહોંચી ગયું છે. ન્યૂનતમ તાપમાન પણ 18 ડિગ્રીથી વધીને 19 ડિગ્રી નોંધાયું છે.

સવારના સમયે ભેજનું પ્રમાણ 95 ટકા જેટલું ઊંચું નોંધાતા વહેલી સવારે ભેજાળ વાતાવરણ અનુભવાય છે, જ્યારે સાંજના સમયે ભેજ ઘટીને 27 ટકા પરથી સીધું 17 ટકા સુધી પહોંચ્યું હતું. આ કારણે દિવસ દરમિયાન ગરમી વધુ તીવ્ર લાગતી હોવાનું જણાઈ રહ્યું છે. પવનની ગતિ પણ ખૂબ ઓછી નોંધાઈ છે. 11 માર્ચે 2.1 કિમી પ્રતિ કલાક અને 12 માર્ચે 1.8 કિમી પ્રતિ કલાક ગતિ સાથે પવન લગભગ શાંત રહ્યો હતો. પવનની ઓછી ગતિને કારણે બપોરના સમયે ગરમી અને ઉકળાટ બંનેમાં વધારો અનુભવાઈ રહ્યો છે. હવામાન નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં પણ તાપમાન ઊંચું રહેવાની શક્યતા છે.

## ‘સિમેન્ટ આપો, ટાંકી રિપેર કરી લઈશું’

**ડાંગના** પોળશમાળ ગામે પાણીની જર્જરીત ટાંકીમાં ભંગાણથી પાણીનો વેડફાટ, તંત્રની ઉદાસીનતા સામે ગ્રામજનોમાં રોષ

સાપુતારા: ડાંગ જિલ્લાના કિરલી ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળ આવતા પોળશમાળ ગામમાં સરકારી ખર્ચે બનાવવામાં આવેલી પાણીની ટાંકી હાલ અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. થોડા વર્ષો પહેલાં જ નિર્મિત આ ટાંકીમાં લાંબા સમયથી મોટા ભંગાણ અને લીકેજ સર્જાતા દરરોજ હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે, છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ટાંકીમાંથી સતત પાણી લીક થવાને કારણે ગામના અનેક ઘરો સુધી પૂરતું પાણી પહોંચી શકતું નથી. આ ગંભીર સમસ્યા અંગે ગ્રામજનોએ સ્થાનિક સરપંચ અને પંચાયત સમક્ષ અનેકવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરી છે, પરંતુ આજદિન સુધી સમારકામ માટે કોઈ પગલાં લેવાયા નથી. તંત્રની આળસથી કંટાળેલા ગ્રામજનોએ હવે એક માર્મિક અને અનોખી માંગ રજૂ કરતા જણાવ્યું છે કે, જો પંચાયત પાસે ટાંકીની મુલાકાત લેવાનો સમય ન હોય અથવા બજેટની અછત હોય, તો તેમને માત્ર બે બેગ સિમેન્ટ આપવામાં આવે. ગામલોકો ભેગા મળીને જાતે જ શ્રમદાન કરી ટાંકીનું લીકેજ બંધ કરી દેશે જેથી દરેક ઘરને નિયમિત પાણી મળી શકે.

એક તરફ સરકાર ‘નલ સે જલ’ યોજના હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે, ત્યારે બીજી તરફ તૈયાર માળખાની જાળવણીના અભાવે અંતરિયાળ વિસ્તારના લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. હવે જોવાનું એ રહે છે કે પાણી પુરવઠા વિભાગ આ બાબતે સત્વરે જાગશે કે પછી ગ્રામજનોએ જ સ્વખર્ચે કે શ્રમદાનથી સમારકામ કરવાની નોબત આવશે.

## બીલીમોરા-અમલસાડ માર્ગ પરથી ર.52 લાખના દારૂ સાથે કારચાલક ઝડપાયો

બીલીમોરા: ગણદેવી પોલીસે બીલીમોરા-અમલસાડ માર્ગ ઉપર બુધવારે સરીખુરદ ગામે પેટ્રોલપંપ નજીક કાર (નં. જીજે ૧૫ સીઆર ૬૭૦૬)ની તપાસ કરી હતી. જેમાંથી રૂ.૨,૫૨,૪૮૦ ની કિંમતની વિદેશી દારૂ બોટલ નં.૮૨૮ મળી આવી આવતા કારચાલક મોહમદ સમીર શબ્બીર શેખ (ઉં.વ.૨૧, રહે., ભરતભાઈની ચાલ, નાની દમણ)ની ધરપકડ કરી હતી. પોલીસે રૂ.૭,૫૭,૪૮૦ નો મુદ્દામાલ કબજે કરી જોલવાના જયને વોન્ટેડ જાહેર કર્યો હતો.